### કેનેડાની યુનિવર્સિટી સાથે મળી...

# IITGnમાં સોશિયલ જસ્ટિસ પ્રેક્ટિસ એન્ડ રિસર્ચ પર સમર પ્રોગ્રામ યોજાયો



અમદાવાદ : આઈ.આઈ.ટી. ગાંધીનગર અને કેનેડાની યુનિવર્સિટી ઓફ સાસકેચ્વાન દ્વારા સોશિયલ જસ્ટિસ, પ્રેક્ટિસ એન્ડ રિસર્ચ ઉપર સમર પ્રોગ્રામનું આયોજન તા, ૧૯થી ૩૦ જૂન દરમિયાન કરવામાં આવેલ છે. આ પ્રોગ્રામ પી.એચ.ડી. સ્ટુડન્ટ્સ, પોસ્ટ ડોક્ટરલ સ્ટુડન્ટ્સ, કોલેજના જૂનિયર ફેકલ્ટી, અને યુનિવર્સિટીઓ, પ્રોગ્રામ અને રિસર્ચ સ્ટાફ, થિંક ટેન્ક તેમજ એન.જી.ઓ. માટે ખાસ ડિઝાઈન કરવામાં આવેલ છે. સામાજિક ન્યાયના વિવિધ પાસાઓ પર આંતર માળખાકીય ફોરમ રજૂ કરવાની સાથે તેના પર ડિસકસન પણ યોજાશે. આઈ.આઈ.ટી. જી.એન.ના ફેકલ્ટી સાથે યુનિવર્સિટી ઓફ સાસકેચ્વાન અને યુનિવર્સિટી ઓફ ઓટાવાની સાથે ૯ રિસર્ચર ગ્રૂપ સાથે મળી સોશિયલ જસ્ટીસ ફોર ધ માર્જીનાલાઈઝડ ગ્રૂપ અને જેન્ડર ઈક્વલિટી ઉપર સેશન યોજાશે. આઈ.આઈ.ટી .જી. એન.ની ફેકલ્ટી અંબિકા ઐય્યાદુરાઈએ જણાવ્યું હતું કે આ બે સપ્તાહનું સંપૂર્ણ રેસિડેન્શિયલ પ્રોગ્રામ છે. જેનો મુખ્ય હેતુ સિદ્ધાંતો અને મૂલ્યો જાળવવાની સાથે આઈ.આઈ.ટી. જી.એન અને સાસકેચ્વાન યુનિવર્સિટીએ સામાજને પરત પણ કરવાનું છે જે આપણી સામાજિક, શૈક્ષણિક જવાબદારીઓનું અવિભાજ્ય અંગ છે. સમગ્ર દેશની ૨૮ વિવિધ યુનિવર્સિટીઝમાંથી ૪૦ સહભાગીઓએ ભાગ લઈ રહ્યાં છે. જેમાં ૨૦ સ્પિકર્સની પોતાની મહત્ત્વની સ્પીચ આપશે.

સંદેશ Wed, 21 June 2017
epaper.sandesh.com//c/1

**Source:** ***Sandesh_City Life_***Page no- 4
**Date:**21-06-2017